દેવેન્દ્ર જાની



## રાજકોટના નિશાનેબાજ

# સુજાન ચિનોય મેક્સિકોમાં રાજદૂત

ચિનોય પરિવાર રાજકોટમાં ખ્યાતનામ છે. સુજાનના દાદા બેરિસ્ટર સી. એન. ચિનોય રાજકોટ સ્ટેટના દીવાનપદે બે વખત રહી ચૂક્યા છે. તેમની યાદમાં જ્યાં તેમનો બંગલો છે, એ રોડને 'બેરિસ્ટર ચિનોય રોડ' નામ આપવામાં આવ્યું છે. સુજાન ચિનોયનો જન્મ ૭ સપ્ટેમ્બર ૧૯૫૮ના રોજ થયો હતો.

તેમણે રાજકોટની વિખ્યાત રાજકુમાર કોલેજમાં ૧૯૬૫થી ૧૯૭૪ દરમિયાન પ્રાથમિક શિક્ષણ લીધું હતું. તેઓ શરૂઆતથી જ તેજસ્વી વિદ્યાર્થી રહ્યા હતા. ગ્રેજ્યુએટ થયા પછી તેઓ ઇન્ડિયન સિવલિ સર્વિસીઝની પરીક્ષા પાસ કરી ૧૯૮૧થી વિદેશ સેવામાં જોડાયા હતા. વિદેશ સેવામાં જોડાયા બાદ પણ તેઓ રાજકુમાર કોલેજને ભૂલ્યા નથી. રાજકોટની રાજકુમાર કોલેજના અધ્યાપકો અને તેમના વખતના વિદ્યાર્થીઓ સાથે તેમનો સંપર્ક આજે પણ છે.

મેક્સિકોના રાજદૂત તરીકે તેમની નિમણૂક થઈ હોવાનો ઓર્ડર મળ્યો કે તરત જ તેમણે રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ વિનોદ ઠક્કરને મેઇલ કરીને જાણ કરી હતી. પ્રિન્સિપાલ વિનોદ ઠક્કર 'અભિયાન'ને કહે છે, 'સુજાન ચિનોયનો રાજકુમાર કોલેજ સાથેનો સંપર્ક સતત રહ્યો છે. ત્રણ મહિના પહેલાં કોલેજના વર્ષ ૨૦૧૨ના વાર્ષિક ઇનામ વિતરણ સમારોહમાં તેઓ ચીફ ગેસ્ટ તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે તેમણે રાજકુમાર કોલેજના અભ્યાસ દરમિયાનની યાદો

**તાજેતરમાં ગુજરાતને ગૌરવ અપાવનાર ઘટના બની. વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહ મેક્સિકોના પ્રવાસે હતા, ત્યારે મેક્સિકોના રાજદૂત તરીકે ગુજરાતના સુજાન આર. ચિનોયની નિમણૂક કરવામાં આવી. રાજદૂત તરીકે નિમણૂક મેળવનાર જૂજ ગુજરાતીઓમાં હવે સુજાન પણ સામેલ થઈ ગયા છે. તેઓ ૧૯૮૧ની બેચના અધિકારી છે અને આ નિમણૂક સુધી વિદેશ સેવામાં ફરજ બજાવી રહ્યા હતા.**

તાજી કરી હતી. ચિનોય પરિવારનો આ કોલેજ સાથે ખૂબ પુરાણો નાતો છે. સુજાનનાં માતા ઉષાબહેન શહેરનાં જાણીતાં શિક્ષણવિદ હતાં અને રાજકુમાર કોલેજમાં સેવા આપતાં તથા એ ગ્રેડના ઓલઈન્ડિયા રેડિયો આર્ટિસ્ટ હતાં.'

સુજાન ચિનોયને લાઇનબોય હોવાનું ગૌરવ છે, કારણકે તેમના પિતા રમેશચંદ્ર ચિનોય ગુજરાત કેડરના આઈપીએસ હતા. રાજકોટમાં આ પરિવારનો જૂનો બંગલો આજે પણ મોજૂદ છે. મેક્સિકોના રાજદૂત બન્યા ત્યારે તેઓ ભારતીય વિદેશ વિભાગમાં અધિક સચિવ પદે કાર્યરત હતા. તેમનાં લગ્ન સ્પેનિશ ટીચર વિધા સાથે થયાં છે. તેમને સંતાનમાં એક પુત્ર, એક પુત્રી છે. પુત્રી કવિતા ૧૭ વર્ષની છે અને પુત્ર અમર ૧૫ વર્ષનો છે. બંને હાલ દિલ્હીની બ્રિટિશ સ્કૂલમાં શિક્ષણ મેળવી રહ્યાં છે. સુજાન ચિનોય જ્યારે સમય મળે ત્યારે વતન રાજકોટની મુલાકાતે આવતા રહેતા હોય છે.

બહુ ઓછા લોકોને ખબર હશે કે સુજાન ચિનોય એક અચ્છા નિશાનેબાજ છે. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન તેમણે અનેક વખત રાઇફલ શૂટિંગની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને ઇનામો પણ જીત્યા હતા. ૧૯૭૬માં ચેન્નઈમાં યોજાયેલી ઓલ ઇન્ડિયા શૂટિંગ સ્પર્ધામાં યુનિવર્સિટી વતી રાષ્ટ્રીય સ્તરે પણ પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમનો સ્વિમિંગનો શોખ પણ જાણીતો છે. કોલેજકાળ દરમિયાન તેઓ એનસીસીમાં જોડાયા હતા અને એનસીસીનું સી સર્ટિફિકેટ મેળવ્યું હતું.

સુજાન ચિનોયની એકેડેમિક કરિયર જોઈએ તો વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્ય અને માનસશાસ્ત્ર સાથે બી.એ. કર્યા બાદ તેમણે અમદાવાદમાં માર્કેટિંગમાં એમબીએ કર્યું હતું. બાદમાં તેઓએ ઓલ ઇન્ડિયા સિવિલ સર્વિસની પરીક્ષા આપી ભારતીય વિદેશ સેવામાં જોડાયા હતા. ચીન અને પૂર્વ એશિયાને લગતી બાબતો પર તેમનું પ્રભુત્વ છે. ૨૦૦૨થી ૨૦૦૫ સુધી તેઓ શાંઘાઈ ખાતે ભારતના કોન્સ્યુલેટ જનરલ તરીકે અને ૨૦૦૮માં સિડની ખાતે ભારતના કોન્સ્યુલેટ જનરલ તરીકે સેવા આપી ચૂક્યા છે.

ચીની ઉપરાંત ફ્રેન્ચ, જર્મન સહિતની ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા સુજાન ચીન અને પૂર્વ એશિયાના ભારતના અનેક રાજનેતાઓના પ્રવાસ વખતે સાથે રહ્યા હતા. ૧૯૯૮માં પરમાણુ પરીક્ષણ સમયે અને ત્યાર બાદ ચીન સાથેના ભારતીય દ્વિપક્ષીય સંબંધો સુધારવામાં તેમની મહત્ત્વની ભૂમિકા રહી છે. હાલ વડા પ્રધાન કચેરીના સીધા માર્ગદર્શન હેઠળ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલની કામગીરીમાં તેઓ એક કી પર્સન તરીકેની ભૂમિકા ભજવી રહ્યા છે. હવે તેમની મેક્સિકોના ભારત ખાતેના રાજદૂત તરીકે નિમણૂક થઈ છે. ગુડ લક ગ્રેટ ગુજરાતી...!